**ફોજદારી કેસ નં. ૯૪/૨૦૨૬**

**હાંસોટના મહેરબાન જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં,**

**મુકામ–હાંસોટ.**

**આંક–**

**<u>ફરીયાદી</u>** **:–** શ્રી સરકાર...

**–:: <u>વિરૂઘ્ઘ</u> ::–**

**<u>આરોપી</u>** **:–** (૧) મેલાભાઇ બાલુભાઇ રાઠોડ,
રહે. નવી નગરી ફળિયું,
તા. હાંસોટ, જી.ભરુચ.

**<u>ગુન્હો:– ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ ૬૫એએ મુજબ.</u>**

--------------------------------------------

ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી એચ.વી.મોદી
આરોપી તરફે વિ.વ.શ્રી સુમનભાઇ ટી. મીસ્ત્રી

--------------------------------------------

**<u>:: ચુકાદો ::</u>**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી ગેરકાયદેસર વગર પાસ પરમીટનો દેશી દારૂ વેચાણ

કરવાના ઈરાદે રાખવા બદલ તેમના વિરૂધ્ધ ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(એ) અંતર્ગત ફરીયાદ નોંધતા આ કામના ત.ક.અ.ધ્વારા તપાસ હાથે ધરી આરોપી સામે પુરતો પુરાવો મળી આવતા તેઓએ અત્રેની અદાલતમાં આરોપી વિરૂધ્ધ સદર ગુનાની ચાર્જશીટ રજુ કરવામાં આવેલી જેથી આ કેસ ઉપસ્થીત થયેલ.

(૨) ચાર્જશીટ રજુ થતાં અત્રેની અદાલત ધ્વારા આરોપીને સમન્સ કરવામાં આવેલ, જેથી આરોપી અત્રેની કોર્ટમાં હાજર થયેલ, તેઓને બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦ મુજબ વિના મુલ્યે ચાર્જશીટની નકલ પુરી પાડવામાં આવેલ. આરોપી વિરૂધ્ધ આક્ષેપાયેલા ગુનાનુ તહોમતનામુ ફરમાવી, આરોપીની પ્લી વિશે તેઓને પુછતાં, તેઓએ ગુના કબુલ હોવાનુ ઈન્કાર કરેલ, જેથી સદર કેસની ન્યાયીક કાર્યવાહી હાથે ધરવામાં આવી.

(૩) સદર કામે ફરીયાદી પક્ષ તરફે રજુ કરાયેલ લેખીત અને મૌખીક પુરાવાઓને ધ્યાને લેતાં, આરોપીનું બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ મુજબ નિવેદન નોંધવુ અત્રેની કોર્ટને જરૂરી નહી લાગતાં, આરોપીનુ વધારાનું નિવેદન લેવામાં આવેલુ નથી. વળી, સદર નિવેદન ન લેવાથી આરોપીના અધિકાર ને કોઈ પ્રેજયુડાઈશ થાય તેમ કોર્ટને જણાતુ નથી.

(૪) સદર કેસના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

૧) શુ ફરિયાદ પક્ષ સાબીત કરે છે કે આ કામના આરોપીએ ફરિયાદ પક્ષમાં આક્ષેપાયેલા મુજબનુ કૃત્ય કરી, ધી ગુજરાત પ્રોહીબીશન એકટ ૧૯૪૯ ની કલમ–૬૫(એ)(એ) મુજબનો શીક્ષાપાત્ર ગુનો આચરેલ છે?

૨) શુ હુકમ?

(૫) ઉપરોક્ત મુદ્ધા અંગે મારા ન્યાયીત નિર્ણય નિચે મુજબ છે.

૧) નકારમાં

૨) આખરી હુકમ મુજબ

**:: કારણો ::**

(૬) સબબ કામે ફરીયાદ પક્ષ ના પંચ સાહેદને તપાસવામાં આવેલ, સદર પંચ તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવે છે કે, તેઓએ માત્ર તૈયાર પંચનામામાં સહીઓ કરેલી. તે સીવાય પંચનામાની વિગતો વિશે તેમને કોઈ જાણ નથી, વળી પંચોએ સ્વીકાર રાખેલ છે કે, પંચનામાની હકીકત તેમને ખબર નથી, પંચનામુ શાનુ છે તે પણ તેઓને ખબર નથી, અને તેથી સદર પંચનામાની હકીકત માની શકાય નહિ. કેમ કે સદર પંચનામું કઈ બાબતનુ છે તે પણ આ કામના પંચસાહેદને ખબર ન હતી. તેઓની ફકત પંચનામામાં સહી લેવામાં આવેલ. આમ, ફરિયાદપક્ષ કહેવાતુ પંચનામું સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોવાથી આ કામનુ પંચનામું માની શકાય નહિ.

(૭) સદર કામે તપાસ કરનાર અમલદાર ધ્વારા રજુ કરવામાં આવેલ આખરી અહેવાલ જોવામાં આવે તો, સબબ કામે ફકત પંચો જ સ્વતંત્ર સાહેદો છે તે સીવાયના તમામ સાહેદો પોલીસ અધિકારીઓ છે પંચોએ પંચનામાની વિગતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. વળી, સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ. ઓનકામ મનીક પટેલ(૧૯૭૯ ક્રી. લો.જ. મહા.૪૨૧) માં પ્રસ્થાપીત કરેલ છે કે, જયારે પં ચસાહેદો ધ્વારા પંચનામાને સમર્થન મળતુ ન હોય તેવા સંજોગોમાં ફરીયાદી તથા અન્ય પોલીસ સાહેદોની સોગંદપરની જુબાની ઉપર આધાર રાખી શકાય નહી. વળી સદર કામે પ્રામાણીત ટેસ્ટીંગ લેબોરેટરી તરફથી પકડાયેલ પ્રવાહી નશાકારક છે કે નહી, તે અંગેનો કોઈ રીપોર્ટ ફરીયાદપક્ષ ધ્વારા અત્રેની અદાલતમાં રજુ કરવામાં આવેલ નથી. જેથી પકડાયેલ પ્રવાહી નશાકારક હતુ કે નહી તે પણ ચોકકસ પણે માની ન શકાય. સદર કામે સાહેદો પોલીસના સાહેદો છે, જેથી ફકત તેઓના નિવેદનને ધ્યાને લઈ સદર કામના આરોપીને સદર ગુના માટે તકસીરવાન ઠરાવવાનુ અત્રેની અદાલતને યોગ્ય લાગતુ નથી.

(૮) આમ, રેકર્ડ ઉપર રજુ થયેલા તમામ પુરાવા જોતા આ કામના આરોપી સામે ના ગુના માં સાંકળિ તકસીરવાર ઠરાવવા માટે યોગ્ય અને જરૂરી પુરાવા નો અભાવ હોય, જેથી તેઓને નિર્દોષ છોડી મુકવાનો ન્યાયોચીત જણાય આવે છે. જેથી, મુદ્દા નં ૧ નો જવાબ નકારમાં આપી , મુદ્દા નં ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**ફોજદારી કેસ નં. ૯૪/૨૦૨૬**

**<u>–:: આખરી હુકમ :: –</u>**

(૧) આ કામના આરોપીને ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ:૬૫(એ)(એ) મુજબના ગુનામાંથી બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૧(૧) મુજબ નિર્દોષ ઠરાવવામાં આવે છે.

(૨) સદર કામે કબજે કરવામાં આવેલ પ્રવાહીના નમુનાનો સરકારશ્રીના નિયમ મુજબ નિયત કરેલ સમિતી રૂબરૂ અપીલ પીરીયડનો સમય પુરો થયા બાદ નાશ કરવો.

(૩) સદર કામે અન્ય મુદ્દામાલ સંદર્ભે જો વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમ રાખવો.

(૪) આ કામે આરોપીના ટ્રાયલ દરમ્યાન રેકર્ડ પરના જામીનને અપીલ પીરીયડના જામીન સુધી ચાલુ રાખવામાં આવે છે, અને જો સદર જામીનદાર હવે પછી સદર કામના આરોપીના જામીન તરીકે રહેવા માંગતા ન હોય, તો તેઓ અત્રેની અદાલતમાં યોગ્ય અરજી કરી શકશે.

**<u>હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં મારી સહી કરી વાંચી સંભળાવી જાહેર કર્યો.</u>**

તા. ૧૬/૦૪/૨૦૨૬
સ્થળ : હાંસોટ.

**(એફ.આર. કોઠારીયા)**
જયુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
હાંસોટ,
કોડ નં.જીજે૦૧૫૩૫